**શ્રી એચ.આઈ.નાણાંવટી, પ્રમુખ અધિકારી, મજુર અદાલત, વલસાડ.**
**રેફરન્સ (એલ.સી.વી.) નંબર : ૩૨૨/૨૦૧૧.**

**આંક–૨૨.**

પ્રથમ પક્ષકાર :–

૧. મેર્સસ હિલ્ટન ઓર્ગેનિકસ કેમીકલ્સ પ્રા.લી.,
પ્લોટ નં.એ–૨/૧૦, ફસ્ટ ફેઈઝ,
જી.આઈ.ડી.સી., વાપી,
તા.વાપી, જી.વલસાડ.

૨. મેસર્સ શ્રી જયવીર ઓર્ગેનિકસ,
પ્લોટ નં.એ–૨/૧૦, ફસ્ટ ફેઈઝ,
જી.આઈ.ડી.સી., વાપી, તા.વાપી, જી.વલસાડ.

: વિ રૂ ધ્ધ :

બીજા પક્ષકાર :–

૧. શ્રી કુસેબા શ્રીરામ સાનપ
ડુંગરી કોલોની, આર.બી.એલ.૭૬/૮૧૯,
વાપી. તા.પારડી, જી.વલસાડ.

પ્રથમ પક્ષકાર તરફે : વિ.વ.શ્રી (રીટાયર્ડ)
બીજા પક્ષકાર તરફે : શ્રી આર.એમ.પ્રજાપતિ.

: જજમેન્ટ / એવોર્ડ :
– – – – – – –

આ કામે, બંને પક્ષકારો વચ્ચેનો ઔદ્યોગિક વિવાદ થતાં તેના નિરાકરણ માટે આઈ.ડી.એકટની ક.૧૦(૧) સી નીચે મદદનીશ શ્રમ આયુકતશ્રી, વલસાડે તેમના હુકમ ક્રમાંકઃ કે.એચ.એસ.એચ.એમ.સી. /૬૭૬૭ /એ.જે./ આઈ.ડી.આર. /એફ /એફઃ ૩૧૬/૨૦૧૧ તા.૨૩/૧૧/૨૦૧૧ થી જરૂરી ન્યાયનિર્ણય અર્થે અત્રેની કોર્ટને રીફર કરેલ છે, જેની અનુસૂચિ મુજબ ન્યાય નિર્ણય અર્થે અત્રે રીફર કરવામાં આવેલ છે.

: અનુસૂચિ :
...........

"શ્રી કુસેબા શ્રીરામ સાનપને તેમની સળંગ નોકરી ગણી પડેલા દિવસોના પુરા પગાર સહીત નોકરીમાં પુનઃસ્થાપિત કરવા જોઈએ કે કેમ?"

**આ કામનાં, બીજા પક્ષકારને "અરજદાર" તરીકે તથા પ્રથમ પક્ષકાર નં.૧ ને "સામાવાળા નં.૧" તરીકે પ્રથમ પક્ષકાર નં.૨ ને "સામાવાળા નં.૨" તરીકે હવે પછી અનુકૂળતા ખાતર સંબોધવામાં આવેલ છે.**

**(૧) આ કામના અરજદારે આંક–૫ થી માંગણાનું નિવેદન રજુ કરેલ બાદમાં આંક–૧૨ થી સુધારેલ માંગણા નિવેદન રજુ કરેલ છે જેમાં તેઓ જણાવેલ છે કે, બીજા પક્ષકાર પ્રથમ પક્ષકાર સંસ્થામાં કાયમી પ્રકારનાં કામ ઉપર કાયમી કામદાર તરીકે તા.૦૧–૦૮–૧૯૯૮ થી ફીટર તરીકે છેલ્લા માસીક રૂા.૬,૫૦૦/– નાં પગારથી પોતાની ફરજ ખંત અને વફાદારીથી બજાવતા આવેલ છે. બીજા પક્ષકાર કામદારનો નોકરીનો સમગ્ર સમયગાળો નિષ્કલંક બિલકુલ સાફ છે.**

**(૨) અમો અરજદાર કામદાર તા.૨૦/૦૪/૨૦૧૧ નાં રોજ પોતાની રાબેતા મુજબ સામાવાળા નં.૧ ની સંસ્થામાં ફરજ ઉપર હાજર થવા ગયેલ. ત્યારે સામાવાળા નં.૧ ની સંસ્થાના કેસીયર શ્રી વિજયભાઈએ જણાવેલ કે, "તમોને ડાયરેકટર સાહેબ કામ ઉપર લેવાની નાં પાડેલ અને અમોને તમારી જરૂર નથી તમો બીજે કામ શોધી લો" આમ જણાવી ફરજ ઉપરથી કાઢી મુકેલ " સામાવાળાએ અરજદારને લેખિતમાં છુટા કર્યા બાબતનો પત્ર પણ આપેલ નથી. અમો અરજદારને સામાવાળાએ કોઈ પણ જાતના કાનુની હકકો, લાભો અને માહે એપ્રિલ–૨૦૧૧ નાં કામ કરેલા દિવસોનાં પગાર પણ આપેલ નથી. અમો અરજદારે અનેકવાર સંસ્થામાં કામની માંગણી કરવા ગયેલ તેમ છતાં સામાવાળાએ અમો અરજદારને કામ આપેલ નથી કે સંસ્થામાં પ્રવેશ આપેલ નથી. આમ કોઈપણ જાતનાં વ્યાજબી કારણ વિના કોઈપણ જાતની નોટીસ, ચાર્જશીટ ઘરગથ્થુ તપાસની કાર્યવાહી કર્યા સિવાય એકાએક મૌખિક હુકમથી તા.૨૦/૦૪/૨૦૧૧ નાં રોજથી સામાવાળા સંસ્થાના ડાયરેકટર સાહેબે છુટા**

કરેલ છે.

(૩) અમો અરજદાર કાયમી કામદાર હોવા છતાં અમોને નોકરીમાંથી છુટા કરતાં પહેલા બચાવની કોઈ વ્યાજબી તક, સ્ટેન્ડીંગ્સ ઓર્ડસ અને કુદરતી ન્યાયના સિધ્ધાંત અનુસાર આપવામાં આવેલ નથી. અમોને ચાર્જશીટ કે અમારી વિરૂધ્ધ કોઈ બનાવ સંબંધમાં ખાતાકીય તપાસ કરવામાં આવી નથી. અરજદારને નોકરીમાંથી છુટા કરતી વખતે નોટીસ કે નોટીસ પગાર અને છટણી વળતર આઈ.ડી.એકટની કલમ–૨૫ (એફ) ની જોગવાઈ પ્રમાણે આપવામાં આવ્યા નથી, તેથી તેવું ટરમીનેશન કાયદામાં ગેરકાયદેસર અને નલ એન્ડ વોઈડ ઠરે છે. આમ છુટા કરતાં પહેલા કોઈ પણ પ્રકારની લેખિત નોટીસ કે હુકમ આ પ્યા વિના બીજા પક્ષકારને છુટા કરવાનું પગલું ગેરકાયદેસરનું ગણાય છે તેમજ ભારતીય બંધારણના આર્ટીકલ ૧૪ અને ૨૧ હેઠળ પ્રાપ્ત થતાં અરજદારના રાઈટ ઓફ લાઈવલીહુડનાં ફન્ડામેન્ટલ હકક ઝુટવી લેતો હુકમ હોય તે રીતે પણ તેવો હુકમ શરૂઆતથી જ નલ એન્ડ વોઈડ ઠરે છે.

(૪) અમો અરજદારને સામાવાળાએ છુટા કર્યા ત્યારબાદ અરજદાર રોજેરોજ સામાવાળા પાસે કામની માગણી કરવા જતા પરંતુ તેઓએ અમોને સંસ્થામાં પ્રવેશ આપતા ન હતા કે કામ પણ આપતા ન હતા. જેથી અરજદારે સંસ્થાને તેઓના યુનિયન મારફતે નાં રોજ નોટીસ મોકલેલ. જે નોટીસ સામાવાળાને મળેલ હોવા છતાં તેનો કોઈ જવાબ આપેલ નથી કે કામે રાખેલ નથી. જેથી અમો બીજા પક્ષકાર કામદારે મદદનીશ શ્રમ આયુકતશ્રી સમક્ષ આઈ.ડી.એકટની કલમ–૧૦(૧) હેઠળ ફરીયાદ કરેલ. સામાવાળા સંસ્થાના જકકી વલણના કારણે સમાધાન શકય ન બનતાં મદદનીશ શ્રમ આયુકત સાહેબે પોતાને મળેલી સત્તાની રૂએ સદરહુ વિવાદ આપ નામદાર કોર્ટ સમક્ષ રેફરન્સ થયેલ છે. જેથી બીજા પક્ષકારને તા.૨૦/૦૪/૨૦૧૧ નાં રોજથી નોકરીમાંથી ગેરકાયદેસર રીતે મૌખિક હુકમથી છુટા કરેલ હોય, સદરહુ

ટર્મીનેશન રદ બાતલ ઠરાવી અમો બીજા પક્ષકાર કામદારને તેઓના પડેલા દિવસોના પુરેપુરા પગાર તથા અન્ય લાભો સહિત સળંગ સર્વિસથી પ્રથમ પક્ષકાર નોકરીમાં પુનઃસ્થાપિત કરે તેવો હુકમ મેળવવા દાદ માંગેલ છે.

(૫) આ કામનાં, સામાવાળાએ આંક–૨ થી નોટિસ કરવામાં આવેલી હતી, જે તેઓને બજી ગયેલ છે. ત્યારબાદ જવાબ રજુ ન કરતાં તેઓનો અરજદારની આંક–૯ અને ૧૭ ની અરજી ઉપર જવાબનો હકક બંધ કરવામાં આવેલ છે.

(૬) આ કામમાં, અરજદાર પક્ષે આંક–૧૦ ના લિસ્ટથી નિ.૧૦/૧ થી નિ.૧૦/૩ સુધીના દસ્તાવેજો રજુ કરેલ છે ત્યારબાદ આંક–૧૮ થી તેઓએ જુબાની સ્વરૂપ સોગંદનામું રજુ કરેલ છે તેની ઉલટ તપાસ સામાવાળા નહીં કરતાં અરજદારની આંક–૧૯ ની અરજી હેઠળ તેઓનો ઉલટ તપાસનો હકક બંધ કરવામાં આવેલ છે, આંક–૨૦ થી અરજદારની પૂરાવા બંધની પુરસીસ છે, સામાવાળા તરફે કોઈ મૌખિક પૂરાવા રજુ નહિ કરતાં અરજદારની આંક–૨૧ ની અરજી ઉપર તેઓનો પૂરાવો આપવાનો હકક બંધ કરવામાં આવેલ છે.

(૭) આ રેફરન્સ મંજુર કરવાને પાત્ર છે કે કેમ ? તે અંગે જોઈએ તો, અરજદારની રજુઆત છે કે તા.૦૧/૦૮/૧૯૯૮ થી ફીટર તરીકે માસીક રૂા.૬,૫૦૦/– ના પગારથી ખંત અને વફાદારીપૂર્વક નોકરી કરતા હતા અને આ હકીકતથી વિરૂધ્ધની કોઈ હકીકત સામાવાળાએ પુરવાર કરેલ નથી તેથી નહિ માનવાને કોઈ કારણ નથી.

(૮) અરજદાર જયારે, સળંગ નોકરીમાં હતા અને છૂટા કરતી વખતે સામાવાળાએ કોઈ નોટિસ, નોટિસ પગાર કે બેકારી વળતર આપેલ નથી, ત્યારે ઔદ્યોગિક વિવાદ અધિનિયમ,૧૯૪૭ ની કલમ–૨૫(એફ) ની આજ્ઞાત્મક જોગવાઈઓનો ભંગ થાય છે તેથી અને અરજદારને છૂટા કર્યા બાદ બીજે કયાંય

નોકરી કરીને કમાઈ છે કે કેમ તેવી હકીકત પણ સામાવાળાએ પુરવાર કરેલ ન હોય તેથી માંગણાના નિવેદન મુજબની હકીકતો બીન પડકારેલ હોય તેથી નહી માનવાને કોઈ કારણ રહેતું ન હોય તેથી દાદ મંજુર કરવી ન્યાયી અને વ્યાજબી લાગે છે. તેથી તમામ બાબતો, હકીકતો તથા રેકર્ડ ધ્યાને લેતાં નીચે મુજબનો છેવટનો હુકમ કરવામાં આવે છે.

: હુકમ :

૧. અરજદારનો રેફરન્સ (એલ.સી.વી.) નંબર : ૩૨૨/૨૦૧૧ મંજુર કરવામાં આવે છે.

૨. આ કામનાં, સામાવાળાએ આ કામનાં અરજદારને પડેતા દિવસના પુરેપુરા પગાર સાથે સંળગ નોકરી ગણી તેમની મુળ જગ્યાએ તમામ આનુષંગીક લાભ સાથે નોકરીમાં પુન : સ્થાપીત કરવાનો હુકમ કરવામાં આવે છે.

૩. આ રેફરન્સનું ખર્ચ સામાવાળાએ અરજદારને રૂા.૧,૫૦૦/– ચૂકવી આપવું.

૪. આ એવોર્ડ પ્રસિધ્ધ થયેથી દિન–૩૦ માં અમલ કરવાનો રહેશે.

તારીખ :૨૯/૧૨/૨૦૧૭.
સ્થળ : વલસાડ.

(હૃદયેષ ઈન્દુરાય નાણાવટી)
Code:GJ01493
પ્રમુખ અધિકારી,
મજુર અદાલત વલસાડ.